# શ્રી કેવળી પ્રભુનો સાથ

## ભાગ ૧ થી ૫ ની સંદર્ભસૂચિ

# શ્રી કેવળી પ્રભુનો સાથ

## ભાગ ૧ થી ૫ ની સંદર્ભસૂચિ

સરયુ રજની મહેતા



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

# શ્રી કેવળી પ્રભુનો સાથ

## ભાગ ૧ થી ૫ ની સંદર્ભસૂચિ

સરયુ રજની મહેતા

પ્રકાશક

શ્રેયસ પ્રચારક સભા

મોરબી હાઉસ, ડો. સુંદરલાલ બહલ પથ, મુંબઈ ૪૦૦ ૦૩૮.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| | પાન ક્રમાંક |
| આમુખ........................................... | vii |
| કક્કો બારાક્ષરી........................................... | ix |
| પારિભાષિક શબ્દકોષ વાપરવા માટેનાં સૂચનો........................ | x |
| વિષયવાર સૂચિનો ઉપયોગ કરવા માટેનાં સૂચનો..................... | xi |
| વિષયની સૂચિને વાંચવાની ચાવી........................................ | xiii |
| **પરિશિષ્ટ ૧ - પારિભાષિક શબ્દકોષ**.................................... | ૧ |
| **પરિશિષ્ટ ૨ - આરાધક માટે વિષયસૂચિ**................................ | ૭૩ |
| ‘શ્રી કેવળી પ્રભુનો સાથ’ માં મૂકાયેલી પ્રાર્થનાઓ.................. | ૧૯૨ |



શ્રીમદ્ રાજચંદ્ર

## અર્પણ

આત્માના ગુણોની ઊંડાણભરી સમજ આપી, તે ગુણોની
પ્રાપ્તિ કરવા તથા કરાવવા ઉત્સાહીત કરવા સાથે આત્માની એકતા
તથા અનેકતાના ભેદ સમજાવનાર, તેમજ શ્રી પંચપરમેષ્ટિપદમાં અગ્રસ્થાને
બિરાજમાન શ્રી રાજપ્રભુને (શ્રી દેવેશ્વર પ્રભુને) મારા સવિનય કોટિ કોટિ વંદન હો.

તેમની નિશ્રામાં રહી પંચપરમેષ્ટિનાં અદ્‌ભુત રહસ્યોનું પાન કરાવનાર શ્રી રાજપ્રભુને
તથા સર્વશ્રી પંચપરમેષ્ટિ ભગવંતોને આ ગ્રંથ ઉમંગ સહિત અર્પણ કરું છું.

ૐ

# આમુખ

'શ્રી કેવળી પ્રભુનો સાથ' ના પાંચ ભાગ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. પ્રત્યેક ભાગનાં અંતમાં બે પરિશિષ્ટો મૂક્યાં છે. તેમાં પહેલાં પરિશિષ્ટમાં વાચકની સુવિધા માટે 'પારિભાષિક શબ્દોનો કોષ' મૂકયો છે, તેમાં કઠિન જણાતા શબ્દોના અર્થ જણાવેલ છે. અને બીજાં પરિશિષ્ટમાં 'આરાધક માટે વિષયવાર સૂચિ' ગ્રંથનાં પાના નંબર સાથે મૂકેલી છે. આ પાંચે ભાગનાં બંને પરિશિષ્ટોનું સંકલન કરી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, જેથી આખા ગ્રંથની સૂચિની જાણકારી વાચકને એક જ જગ્યાએથી મળી રહે.

આ પુસ્તકમાં પાંચે ભાગનાં પહેલાં પરિશિષ્ટને એકત્રિત કરી 'પારિભાષિક શબ્દકોષ' શીર્ષક નીચે કક્કાવારી પ્રમાણે ગોઠવેલ છે, એ જ રીતે પાંચે ભાગનાં બીજા પરિશિષ્ટોને એકત્રિત કરી, ગ્રંથનાં પાના નંબર સાથે કક્કાવારી પ્રમાણે ગોઠવી 'આરાધક માટે વિષયસૂચિ' તૈયાર કરી છે. આ પુસ્તકનો આધાર લેવાથી ક્યા ભાગમાં ક્યા વિષય વિશેનું લખાણ છે તે વાચકને શોધવું ઘણું આસાન થઈ જશે.

આ પુસ્તકને વાપરવાની સુવિધા રહે તે માટેનાં કેટલાંક સૂચનો તૈયાર કર્યાં છે, તે આ પછીનાં પાનામાં મૂકેલ છે. સંભવ છે કે કેટલાક વાચકોને કક્કા બારાક્ષરીનો ક્રમ યાદ ન હોય, તો તેમની સુવિધા માટે એક પાના પર આ ક્રમ પણ લખ્યો છે. આશા છે કે સુજ્ઞ વાચકોને આ પ્રયત્ન ઉપયોગી તથા લાભકારી જણાશે.

આ ઉપરાંત 'શ્રી કેવળીપ્રભુનો સાથ' માં કેટલીયે પ્રાર્થનાઓ રચાયેલી છે, તેની સૂચિ પણ વાચકની સુવિધા માટે અહીં મૂકી છે.

આ આખી સૂચિ તૈયાર કરવામાં મારી ભાણેજ અમી અનુરાગ ઠાકોર તથા અનુરાગે ઘણો પરિશ્રમ વેઠયો છે, અને તેને પુસ્તકાકારે સુંદર છપાઈ સાથે તૈયાર કરવામાં મારાં સ્વજનો શ્રી અરુણભાઈ મહેતા તથા સુધાબહેન મહેતાનો ફાળો પણ એટલો જ મહત્વનો છે. તે સાથે બીજી અનેક રીતે સાથ આપી સહકાર આપનાર સહુ સ્વજનોને કેમ ભૂલાય? તે સહુનો હૃદયથી ઉપકાર માનું છું, અને શ્રી પ્રભુને પ્રાર્થું છું કે તેઓ સહુનું આપ આત્માર્થે કલ્યાણ કરજો.

ૐ શાંતિઃ

**સરયુ રજની મહેતા**

મુંબઈ
તા. ૨૧.૧૦.૨૦૧૨, રવિવાર.

# કક્કો બારાક્ષરી

| | | | | |
|---|---|---|---|---|
| ૐ | અ, અં | આ, આં | ઇ | ઈ |
| ઉ | ઊ | એ | ઐ | ઓ |
| ઔ | અઃ | | | |
| | | | | |
| ક | ખ | ગ | ઘ | |
| ચ | છ | જ | ઝ | |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ત, ત્ર | થ | દ, દ્ર, દ્વ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ |
| ય | ર, ઋ, રૂ | લ | વ | |
| શ, શ્ર | ષ | સ | હ | ળ |
| ક્ષ | જ્ઞ | | | |

# પારિભાષિક શબ્દકોષને વાપરવામાં સુવિધા માટે સૂચનો

- આ શબ્દકોષમાં મૂખ્યત્વે જૈન પારિભાષિક શબ્દોનો સમાવેશ કરેલો છે.
- 'શ્રી કેવળી પ્રભુનો સાથ' વાંચતી વખતે જે શબ્દો ન સમજાય તે સમજવા અથવા તે શબ્દોને વિશે વધુ ઊંડાણથી સમજવા માટે તેની પરિભાષા મૂકી છે. મુખ્યત્વે અઘરા અને અગત્યના શબ્દોનો સમાવેશ કર્યો છે જેથી 'શ્રી કેવળી પ્રભુનો સાથ' ગ્રંથનો આત્માર્થે અભ્યાસ કરવામાં સુવિધા રહે.
- તે શબ્દોને કક્કો બારાક્ષરી અનુસાર ગોઠવ્યા છે (કક્કો-બારાક્ષરી ભૂલી જનાર માટે આખી કક્કો-બારાક્ષરી પરિશિષ્ટમાં મૂકી છે).
- જે શબ્દોનો અર્થ (વિગતવાર સમજણ) ગ્રંથમાં તે શબ્દોનાં ઉલ્લેખની સાથે જ મોજુદ હતો, તે શબ્દોનો સમાવેશ આ શબ્દકોષમાં નથી કરવામાં આવ્યો.
- થોડી પરિભાષાઓ એકથી વધુ શબ્દોની બનેલી છે. ત્યારે તેને શોધવામાં વાંચનારને મુશ્કેલી પડે તેવું હોવાથી તેનો 'ક્રોસ રૅફરન્સ' (અન્યોન્ય સંબંધ) મૂકેલો છે.
    - દા.ત. અનંતાનુબંધી ક્રોધ. આ શબ્દને બે રીતે શોધી શકાય. 'ક' હેઠળ 'ક્રોધ, અનંતાનુબંધી' અથવા 'અ' હેઠળ 'અનંતાનુબંધી ક્રોધ'. આવા સંજોગોમાં પરિભાષા એક જ જગ્યાએ મૂકવામાં આવી છે અને બીજી જગ્યાએ એનો 'ક્રોસ રૅફરન્સ' (અન્યોન્ય સંબંધ) મૂકવામાં આવ્યો છે.
        - એટલે કે 'અનંતાનુબંધી ક્રોધ' તરીકે વાચક શોધે તો નીચે મૂજબ લખેલું જણાશે.

          *અનંતાનુબંધી ક્રોધ - ક્રોધ, અનંતાનુબંધી જુઓ*

          એટલે કે વાંચનારને આ પરિભાષા ને 'ક્રોધ, અનંતાનુબંધી' હેઠળ શોધવા ભલામણ કરી છે.

– હવે 'ક્રોધ, અનંતાનુબંધી' તરીકે વાચક શોધે તો તેની પૂરી પરિભાષા ત્યાં ઉપલબ્ધ થશે.

*ક્રોધ, અનંતાનુબંધી - કલ્યાણનાં સાધનો પ્રતિનો અભાવ કે અણગમો એ અનંતાનુબંધી ક્રોધ.*

- બને એટલા એકથી વધુ શબ્દોથી બનેલી પરિભાષાનો 'ક્રોસ રૅફરન્સ' (અન્યોન્ય સંબંધ) મૂક્યો છે પણ જો ચૂક થઈ હોય તો તે વ્યાખ્યાનાં વિવિધ શબ્દો હેઠળ શોધવાથી મળી જશે.
- થોડા શબ્દોની નીચે તેની એકથી વધુ પરિભાષા/વ્યાખ્યા મૂકી છે. તે શબ્દને જુદી જુદી અપેક્ષાએ સમજવા અર્થે મૂકી છે. તે સાથે તે વ્યાખ્યાનાં અંતમાં 'શ્રી કેવળી પ્રભુનો સાથ' ના ક્યા ભાગમાં તેનો સંદર્ભ મળી આવશે તે પણ જણાવેલું છે.

## વિષયવાર સૂચિનો ઉપયોગ કરવા માટેનાં સૂચનો

- આ સૂચિમાં વિષયોની પસંદગી માત્ર આત્મવિકાસ માટે આરાધનમાં સહાયક થાય એ દૃષ્ટિથી કરેલ છે. જે વિષયો 'શ્રી કેવળી પ્રભુનો સાથ'ની અનુક્રમણિકામાં સહેલાઈથી મળી શકે છે તેની અલગ નોંધ નથી મૂકી.
- જો કોઈ શબ્દોની પરિભાષા સમજવી હોય તો તેનાં માટે 'પારિભાષિક શબ્દોનો કોષ' વાપરવો. વિષયનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે સૂચિ વાપરવી.
- થોડાક વિષયોનાં પેટા વિભાગને કક્કાવાર નહિ પણ તાર્કિક ક્રમમાં મૂક્યા છે.

- સમાન-અર્થી શબ્દો એક જ જગ્યાએ લીધા છે અને બીજા શબ્દ પર તેનો 'ક્રોસ રૅફરન્સ' (અન્યોન્ય સંબંધ) મૂક્યો છે. દા.ત. અરિહંત ભગવાન અને તીર્થંકર ભગવાન સમાન અર્થી શબ્દો છે. એટલે સૂચિ તીર્થંકર ભગવાન હેઠળ મૂકી છે અને જો અરિહંત ભગવાન તરીકે વાચક શોધે તો સૂચિમાં આવો ઉલ્લેખ હોય –

  અરિહંત ભગવાન – *તીર્થંકર ભગવાન જુઓ.*

  એટલે કે વાચકે અરિહંત ભગવાનને લગતી રીસર્ચ (અભ્યાસ) કરવા તીર્થંકર ભગવાન વિષય જોવો.

- થોડા વિષયો એકથી વધુ શબ્દોનાં બનેલા છે. ત્યારે તેને શોધવામાં વાંચનારને મુશ્કેલી પડે તેવું હોવાથી તેનો 'ક્રોસ રૅફરન્સ' (અન્યોન્ય સંબંધ) મુકેલો છે.
  - દા.ત. અશુદ્ધ પ્રદેશો. આ શબ્દ બે રીતે શોધી શકાય. 'અ' હેઠળ 'અશુદ્ધ પ્રદેશો' અથવા 'પ' હેઠળ 'પ્રદેશ, અશુદ્ધ'. આવા સંજોગોમાં સૂચિ એક જ જગ્યાએ મૂકવામાં આવી છે અને બીજી જગ્યાએ એનો 'ક્રોસ રૅફરન્સ' (અન્યોન્ય સંબંધ) આપવામાં આવ્યો છે.
    - એટલે કે 'અશુદ્ધ પ્રદેશો' તરીકે શોધશો તો નીચે મૂજબ લખેલું જણાશે.

      અશુદ્ધ પ્રદેશો – *પ્રદેશ, અશુદ્ધ જુઓ.*

      એટલે કે વાંચનારને આ વિષયને 'પ્રદેશ, અશુદ્ધ' હેઠળ શોધવા ભલામણ કરી છે.
    - હવે 'પ્રદેશ, અશુદ્ધ' તરીકે શોધશો તો તેની પૂરી સૂચિ ઉપલબ્ધ થશે.

# વિષયની સૂચિને વાંચવાની ચાવી

વિષયની બાજુમાં લખેલ દરેક પાનાં પર વિષય બહોળા પ્રમાણમાં સમજાવેલો મળશે.

પાના શોધવાની ચાવી:
- ૧:૮૪-૮૬ એટલે ભાગ-૧ માં પાનું ૮૪ થી ૮૬
- ૫:૯૧ એટલે ભાગ-૫ માં પાનું ૯૧

અભિસંધીજ વીર્ય વિશે વધુ જાણકારી 'અભિસંધીજ વીર્ય' વિષય હેઠળ મળી શકશે. તેથી અહીં ઉપરાંત તે વિષય પણ જોવો.

વીર્ય, ૧:૮૪-૮૬, ૧:૮૯, ૧:૨૫૪, ૨:૨૯૮-૨૯૯, ૪:૧૮૨-૧૮૩, ૪:૩૧૦
- ૐમાં સમાયેલું, ૫:૯૧, ૫:૧૪૯, ૫:૧૭૫
- અભિસંધીજ, ૧:૨૫૪, ૪:૧૮૨, ૫:૧૫૫, ૫:૧૬૪, *(અભિસંધીજ વીર્ય પણ જુઓ)*
- અનભિસંધીજ, ૧:૨૫૪, ૪:૧૮૨, ૫:૧૫૫ *(અનભિસંધીજ વીર્ય પણ જુઓ)*
- અંતરાય કર્મથી નબળું થાય, ૧:૧૩, ૧:૨૫૪, ૨:૧૯૯, ૨:૨૮૪ *(અંતરાય કર્મ પણ જુઓ)*
- ખીલવવાથી આત્મસ્થિરતા વધે, ૧:૩૬૮
- થી ધર્મ આરાધનમાં સ્વાધીનતા વધે, ૧:૮૭
- ના પ્રકાર, ૧:૮૬, ૧:૨૫૪
- સંસારનાં વિષમ પ્રસંગોમાં કેમ ખીલવવું, ૩:૨૪૪, ૩:૨૭૬ *(અનંતવીર્ય, અંતરાય કર્મ પણ જુઓ)*

પેટાવિભાગને આ મુજબ વાંચવા: **વિષય(શબ્દ) + પેટાવિભાગની લીટી** દા.ત. વીર્ય.. ખીલવવાથી આત્મસ્થિરતા વધે, વીર્ય..ના પ્રકાર વગેરે..

આ વિષયનાં ઉપરાંત તેની સાથે સંકળાયેલા બીજા વિષયોનાં નામ અહિંઆ છે. વિષયને વધુ સારી રીતે સમજવા તે વિષયો પણ જોવા. દા.ત. વીર્ય વિશે વધુ જાણકારી મેળવવા અનંતવીર્ય તથા અંતરાય કર્મ ના વિષયો પણ જોવા.